U.S. Small Business Administration

શટરવાળા સ્થળનાં ઓપરેટરોનાં અનુદાનો

એપ્લિકેશન કર્યા પછીનું માર્ગદર્શન | 28 જુલાઇ 2021

શટરવાળા સ્થળનાં ઓપરેટરોનાં અનુદાન (SCOG) પ્રોગ્રામ એ ડિસેમ્બર 27, 2020 નાં રોજ કાયદા તરીકે સહી કરેલા ઇકોનોમિક એઇડ ટુ હાર્ડ-હિટ સ્મોલ બિઝનેસીસ, નોનપ્રોફિટ્સ એન્ડ વેન્યૂઝ એક્ટ (આર્થિક સહાય અધિનિયમ) ની કલમ 324 હેઠળ સ્થાપિત કરવામાં આવ્યો હતો અને H.R. 133 કોન્સોલિડેટડ એપ્રોપ્રિએશન્સ એક્ટ, 2021 (Public Law No: 116-260)નો હિસ્સો હતો. નાણાકીય સહાય અધિનિયમની કલમ 324માં અમેરિકન રેસ્ક્યૂ પ્લાન એક્ટની કલમ 5005 દ્વારા સુધારો કરવામાં આવ્યો હતો (જાહેર કાયદા નંબર.: 117-2) 11 માર્ચ 2021ના રોજ કાયદામાં સહી કરેલ.

આ માર્ગદર્શન દસ્તાવેજમાં અરજીકર્તાઓ માટે SVOG પ્રોગ્રામ માટે સામાન્ય પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા છે.

એપ્લિકેશન કર્યા પછીનું માર્ગદર્શન

સમાવિષ્ટો

એપ્લિકેશન કર્યા પછીનું માર્ગદર્શન 1

એપ્લિકેશન કર્યા પછી 1

"સમીક્ષા"ના તબક્કે એપ્લિકેશનમાં એક્શન આઇટમ્સ 3

એવોર્ડ અને વિતરણનો તબક્કો 6

ફંડિંગની નકારી દીધેલી વિનંતીઓ 7

એવોર્ડ અને વિતરણ પછીનો તબક્કો 7

અપીલો, ફરી વિચાર અને પૂરક એવોર્ડ્સ 7

અન્ય વિશેષ સંજોગો 9

એપ્લિકેશન કર્યા પછી

SBA એપ્રિલ 2021માં પ્રાથમિકતાના ક્રમમાં અરજીઓની પ્રક્રિયા કરવાનું શરૂ કરે છે.
26 જુલાઇ 2021 સુધીમાં, SBA દ્વારા 95% અરજીઓ અંગે નિર્ણય લઇ લેવામાં આવ્યો છે.

નિર્ણય લીધા પછી, અરજકર્તાઓને SBA તરફથી જે દસ્તાવેજો પર સહી કરવાની હોય અથવા એવોર્ડ પહેલાં જે વધારાની માહિતીની જરૂર હોય તે સંબંધે સંદેશાવ્યવહાર પ્રાપ્ત થશે. *આ સંદેશાવ્યવહાર સમય સંવેદનશીલ છે, કૃપા કરીને તમારી લાગુ પડતી સમયમર્યાદાઓ અંગે ધ્યાનથી સમીક્ષા કરો.*

આ સંદેશાવ્યવહારો ઈમેલ દ્વારા (noesponse@sba.gov અથવા svogrant@sba.gov પરથી) એપ્લિકેશનમાં આપવામાં આવેલા એડ્રેસ પર મોકલવામાં આવશે. કેટલીક ઈમેલ અરજીઓ માટે ઈમેલ એડ્રેસ "noreply@salesforce.com; noresponse@sba.gov."ના વતી તરીકે દેખાશે. જો તમે અરજીમાં ફોન નંબર આપેલો હશે તો, તમને ટેક્સ્ટ સંદેશો પણ પ્રાપ્ત થઇ શકે છે. જો તમને આવો કોઇ સંદેશાવ્યવહાર પ્રાપ્ત થાય, પરંતુ તમને ચિંતા હોય કે તે વાસ્તવમાં કદાચ SBA તરફથી ના પણ હોઇ શકે તો, તમે તમામ જરૂરી એક્શન આઇટમ એટલે કે જેમાં પગલાં લેવાની જરૂર હોય તેવી તમામ ચીજો જોવા માટે SVOG અરજીકર્તા પોર્ટલ પર તમારા SBA એકાઉન્ટમાં લોગ ઇન કરી શકો છો.

SBA સમગ્ર સમીક્ષા અને એવોર્ડ પ્રક્રિયા દરમિયાન સ્થિતિના અપડેટ્સ પ્રદાન કરશે. તમે કેટલાક કારણોસર ઈમેલ સ્થિતિ અપડેટ્સ પ્રાપ્ત કરી શકો છો:

- તમારો એવોર્ડ ફાઇનલ થઇ ગયો છે અને તમારે તમારા પ્રિ-એવોર્ડ દસ્તાવેજો રજૂ કરવાની જરૂર છે
- તમારી અરજીની સમીક્ષા થઇ ગઇ છે અને વધારાનું દસ્તાવેજીકરણ અથવા માહિતી જરૂરી છે
- તમારી અરજીની સમીક્ષા થઇ ગઇ છે અને નકારી કાઢવામાં આવી છે (અપીલની માહિતી માટે નીચે જુઓ)

SBA દ્વારા મે મહિનાના પાછલા સમયમાં એવોર્ડના નિર્ણયો મંજૂર કરવાનું શરૂ કરાયું છે.
એવોર્ડ અને અન્ય અપડેટ્સની સૂચના એપ્લિકેશનમાં આપવામાં આવેલી સંપર્કની માહિતીનો ઉપયોગ કરીને ઈમેલ દ્વારા પ્રદાન કરવામાં આવશે. જો તમે અરજીમાં ફોન નંબર આપેલો હશે તો, તમને ટેક્સ્ટ સંદેશો પણ પ્રાપ્ત થઇ શકે છે. *આ સંદેશાવ્યવહાર સમય સંવેદનશીલ છે, કૃપા કરીને તમારી લાગુ પડતી સમયમર્યાદાઓ અંગે ધ્યાનથી સમીક્ષા કરો.*

જ્યારે તમને SBA તરફથી સ્થિતિ અંગે અપડેટ્સ પ્રાપ્ત થાય ત્યારે, તમામ જરૂરી એક્શન આઇટમ પૂર્ણ કરવા માટે SVOG અરજીકર્તા પોર્ટલ પર લોગ ઇન કરો.
તમે ઈમેલમાં આપેલી લિંક પર ક્લિક કરી શકો છો અથવા તમારા બ્રાઉઝરમાં સીધું જ www.sba.gov/svogrant દાખલ કરો.

લોગ ઇન કર્યા પછી, તમારી એપ્લિકેશન ખોલવા માટે "ફંડિંગ વિનંતી નામ" પર ક્લિક કરો.

- પેજમાં ટોચે ડાબી બાજુ સ્થિતિ અપડેટ દેખાશે.
- એક્શન આઇટમ પેજની ટોચે જમણી બાજુ છે.
  - ત્યાં ક્લિક કરો અને આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરો.
  - *એક્શન આઇટમ્સ સમય સંવેદનશીલ છે, કૃપા કરીને તમારી લાગુ પડતી સમયમર્યાદાઓ અંગે ધ્યાનથી સમીક્ષા કરો.*

જો તમને એક્શન આઇટમ્સ અંગે પ્રશ્નો હોય તો, કૃપા કરીને SBAનો સંપર્ક કરો:

સામાન્ય સહાયતા માટે, આપત્તિ ગ્રાહક સેવા કેન્દ્રની ઓફિસ પર કૉલ કરો:

(1-800- 659-2955)
સોમવારથી શુક્રવાર, સવારે 8 થી રાત્રે 8 ET

ઊંડાણપૂર્વક સહાયતા માટે, SBA સંસાધન ભાગીદારોનો સંપર્ક કરો:

તમે www.sba.gov/local-assistanceની મુલાકાત લઇને તમારા સ્થાનિક વિસ્તારમાં ભાગીદારોને ઓળખી શકો છો.

અરજીકર્તા આ એડ્રેસ svogrant@sba.gov પર ઇમેલ મોકલીને એપ્લિકેશન પાછી ખેંચવાની વિનંતી કરી શકે છે. જો અરજીકર્તા એપ્લિકેશન પાછી ખેંચવાની વિનંતી કરે તો, અરજીકર્તા ફરીવાર એપ્લિકેશન કરી શકશે નહીં.

વિનંતી SVOG એપ્લિકેશન બનાવવા માટે ઉપયોગમાં લીધેલા ઈમેલથી જ મોકલવી આવશ્યક છે અને તેમાં આ સામેલ હોવું આવશ્યક છે:

1. વિષય લાઇન: “SVOG એપ્લિકેશન પાછી ખેંચવાની વિનંતી”
2. ઈમેલ સંદેશો:
   - SVOG એપ્લિકેશન નંબર
   - એપ્લિકેશન બનાવવા માટે ઉપયોગમાં લીધેલું ઈમેલ એડ્રેસ
   - સંસ્થાનું નામ, સરનામું અને ફોન નંબર
   - વિનંતી કરી રહેલી વ્યક્તિનું નામ -
     - વિનંતી અરજકર્તાઓ અથવા એપ્લિકેશનમાં ઉલ્લેખ કરેલા અધિકૃત પ્રતિનિધિ દ્વારા જ થવી આવશ્યક છે.
   - અરજીકર્તા એપ્લિકેશન પાછી ખેંચવાની વિનંતી કરી રહ્યાં છે તેનું કારણ

"સમીક્ષા"ના તબક્કે એપ્લિકેશનમાં એક્શન આઇટમ્સ

સમીક્ષા પછી અને મંજૂરી અથવા ઇનકાર પહેલાં, તમને સૂચના મળી શકે છે કે, તમારે એક્શન આઇટમ પૂરી કરવી જરૂરી છે. સંભવિત એક્શન આઇટમ્સમાં સામેલ છે:

1. ટેકનિકલ સુધારાઓ: તમારી એપ્લિકેશનની સમીક્ષા કરવામાં આવી છે, પરંતુ વધારાની માહિતી અથવા ચોક્કસ જરૂરિયાતના દસ્તાવેજીકરણની જરૂરિયાત છે.
   - તમને એક્શન આઇટમ બાબતે સલાહ આપતી સૂચનાનો ઈમેલ પ્રાપ્ત થશે.
   - પોર્ટલમાં લોગ ઇન કર્યા પછી, SVOGના સ્ટાફ દ્વારા તમને વધારાની માહિતી અથવા દસ્તાવેજીકરણ પ્રદાન કરવા માટે સલાહ આપવા તૈયાર કરવામાં આવેલી ચકાસણની તમે યાદી જોઇ શકશો.
   - વિનંતી કરેલી માહિતી અપલોડ અને સબમિટ કરવા માટે પોર્ટલમાં આપેલી સૂચનાઓ અનુસરો.
   - અરજીકર્તા પાસે આ એક્શન આઇટમ પૂરી કરવા માટે 14 દિવસનો સમય હોય છે.

2. 4506T: વિવિધ કારણોસર IRS દ્વારા IRSની પ્રક્રિયા કરવાનું શક્ય થયું નહોતું.
   - એક્શન આઇટમ અંગે તમને સલાહ આપવા માટે તમને ઈમેલ દ્વારા સૂચના પ્રાપ્ત થશે.
   - પોર્ટલમાં લોગ ઇન કર્યા પછી, તમે SVOG સ્ટાફ દ્વારા તૈયાર કરવામાં આવેલી નવી 4506T ચકાસણીની યાદી જોઇ શકશો. જો જરૂર હોય તો, તમે સુધારા કરી શકો છો.
   - દસ્તાવેજની સમીક્ષા કરો અને સહી કરો.

- દસ્તાવેજ અપલોડ અને સબમિટ કરવા માટે આપવામાં આવેલી સૂચનાઓ અનુસરો.
- અરજીકર્તા પાસે આ એક્શન આઇટમ પૂરી કરવા માટે 14 દિવસનો સમય હોય છે.

3. ચુકવશો નહીં: તમારું નામ અથવા સંસ્થાનું નામ મહેસુલ વિભાગની ચુકવણી કરશો નહીં (DNP) યાદીમાં દેખાય છે. એવોર્ડ પહેલાં તમારી સ્થિતિ સુધારવી અથવા સાફ કરવી આવશ્યક છે.
   - એક્શન આઇટમ અંગે તમને સલાહ આપવા માટે તમને ઈમેલ દ્વારા સૂચના પ્રાપ્ત થશે.
   - પોર્ટલમાં લોગ ઇન કર્યા પછી, તમે ક્યાં અને શા માટે તમારું નામ ચુકવણી કરશો નહીં યાદીમાં દેખાય છે તે સંબંધિત માહિતી જોઇ શકશો.
   - ચુકવણી કરશો નહીં અંગેની તમારી સ્થિતિના સ્રોતનો સંપર્ક કરવા માટે આપેલી સૂચનાઓ અનુસરો:
     - મુલાકાત લો ચુકવણી કરશો નહીં - ગોપનીયતા પ્રોગ્રામ (treasury.gov)
     - “ડેટા સુધારણા પ્રક્રિયા,” પર સ્ક્રોલ ડાઉન કરો પછી
     - સ્રોત મિલાવવા માટે નવી હરોળ શોધો અને
     - સ્રોતનો સંપર્ક કરવા માટે અને તમારી સ્થિતિ સુધારવા અથવા સાફ કરવા માટે સંપર્કની માહિતીનો ઉપયોગ કરો.
   - પોર્ટલમાં, તમે તમારી સ્થિતિ સાફ કરી અથવા સુધારી છે તેવી સૂચના SBAને આપવા માટે સૂચનો અનુસરો
   - અરજીકર્તા પાસે DNP સ્થિતિ સાફ કરવા અથવા સુધારવા માટે 30 દિવસ હોય છે

મંજૂરી પછીનો તબક્કો

મંજૂરી પછી અને વિતરણ પહેલાં, તમને સૂચના મળી શકે છે કે, તમારે એક્શન આઇટમ પૂરી કરવી જરૂરી છે. સંભવિત એક્શન આઇટમ્સમાં સામેલ છે:

1. એવોર્ડની સૂચના (ફોર્મ 1222): તમારી એપ્લિકેશન મંજૂર કરવામાં આવી છે અને એવોર્ડની રકમ નક્કી કરી દેવામાં આવી છે. તમારે વિતરણ પહેલાં તમારી એવોર્ડની નોટીસ પર સહી કરવી આવશ્યક છે.
   - એક્શન આઇટમ અંગે તમને સલાહ આપવા માટે તમને ઈમેલ દ્વારા સૂચના પ્રાપ્ત થશે. પોર્ટલમાં લોગ ઇન કર્યા પછી, SVOGના સ્ટાફ દ્વારા તમને વધારાની માહિતી અથવા દસ્તાવેજીકરણ પ્રદાન કરવા માટે સલાહ આપવા તૈયાર કરવામાં આવેલી ચકાસણની તમે યાદી જોઇ શકશો.
   - વિનંતી કરેલી માહિતી અપલોડ અને સબમિટ કરવા માટે પોર્ટલમાં આપેલી સૂચનાઓ અનુસરો.
   - અરજીકર્તા પાસે આ એક્શન આઇટમ પૂરી કરવા માટે 7 દિવસનો સમય હોય છે.
   - ફોર્મ 1222 પર વધારાની નોંધ:
     - ફોર્મ 1222 પર “પ્રોજેક્ટનો સમયગાળો” એ SVOG પ્રોગ્રામ સાથે એવોર્ડની નોટિસ ઇશ્યુ કરવા માટે મંજૂરી આપવામાં આવેલો સમયગાળો છે—ખર્ચ ભોગવવા માટે અનુમતિ આપવામાં આવેલા સમયગાળા સાથે તે અનુવર્તી નથી.
     - “બજેટનો સમયગાળો” તમને અનુદાન એવોર્ડ ખર્ચવા માટે મંજૂરી આપેલો સમય છે.

- તમે 1 માર્ચ 2020થી શરૂ કરીને 31 ડિસેમ્બર 2021 (અથવા 30 જૂન 2022, જો તમે પૂરક એવોર્ડ મેળવ્યો હોય તો) સુધીમાં ભોગવેલા ખર્ચાઓ માટે અનુદાન ખર્ચી શકો છો.
- "બજેટનો સમયગાળો" તમને અનુદાન એવોર્ડ ખર્ચવા માટે મંજૂરી આપેલો સમય છે.

2. <u>વિશેષ શરતો (ફોર્મ 1222 પરિશિષ્ટ):</u> તમારી એપ્લિકેશન મંજૂર કરવામાં આવી છે અને એવોર્ડની રકમ નક્કી કરી દેવામાં આવી છે. વિતરણ પહેલાં તમે કોઇપણ યાદીગત વિશેષ શરતો પૂરી કરો અથવા પૂરી કરવા માટે સંમત થાઓ તે આવશ્યક છે.
   - એક્શન આઇટમ અંગે તમને સલાહ આપવા માટે તમને ઈમેલ દ્વારા સૂચના પ્રાપ્ત થશે.
   - પોર્ટલ પર લોગ ઇન કર્યા પછી, તમે તમારી એવોર્ડની સૂચના અથવા કોઇપણ પરિશિષ્ટ જોઇ શકશો.
   - એવોર્ડની નોટિસ પર સહી કરવામાં આવી હોય તે સમયે જ અવશ્યપણે અપલોડ કરવામાં આવેલા વિશેષ શરતોના દસ્તાવેજોને આવા પરિશિષ્ટ તરીકે ઓળખવામાં આવશે.
   - વિનંતી કરેલી માહિતી અપલોડ અને સબમિટ કરવા માટે પોર્ટલમાં આપેલી સૂચનાઓ અનુસરો.
   - અરજીકર્તા પાસે આ એક્શન આઇટમ પૂરી કરવા માટે 7 દિવસનો સમય હોય છે.
   - ફોર્મ 1222 પરિશિષ્ટ પર વધારાની નોંધ:
     - અનુદાન લેનાર પાસેથી તેમના 2020 ફેડરલ ટેક્સના ફાઇલિંગની નકલ માંગવામાં આવી શકે છે. મોટાભાગના અરજીકર્તાઓ પાસેથી એપ્લિકેશનોના પ્રારંભિક ભાગ તરીકે ટેક્સ વર્ષ 2019 માટે ફાઇલિંગ જરૂરી હતા. નાણાકીય વર્ષમાં ફાઇલ કરનારાઓ માટે, ફોર્મ 1222 પરિશિષ્ટ પરની જરૂરિયાત તેમના સૌથી તાજેતરના ટેક્સ વર્ષના ફાઇલિંગની નકલ પૂરી પાડવાની છે.
     - કેટલાક અનુદાન લેનારાઓને પરિશિષ્ટ અને/અથવા પોર્ટલ પર એવી શરત જોવા મળી હોઇ શકે છે કે, "તમારે ફાઇનલ 425 અને સહાયક દસ્તાવેજ તમારા ફાઇનલ વિતરણની પ્રાપ્તિના 15 દિવસમાં અપલોડ કરવા જરૂરી છે."
       - તેનો સાચો અર્થ એવો છે કે, "તમારે ફાઇનલ 425 અને સહાયક <u>દસ્તાવેજો તમારી એવોર્ડની પૂરી રકમ ખર્ચ કર્યાના 15 દિવસમાં</u> અપલોડ કરવા જરૂરી છે."
       - SBA શક્ય હોય એટલી વહેલી તકે આ ભાષામાં સુધારો કરશે પરંતુ ઇમરજન્સી ભંડોળ વ્યવસાયોને તેમની તીવ્ર જરૂરિયાતના સમયમાં પહોંચવાનું ધીમું પડે નહીં તે માટે એવોર્ડની સૂચના આ ભાષા સાથે ઇશ્યુ કરવાનું ચાલુ રહી શકે છે. તેના કારણે કદાચ કોઇ ગુંચવણ થાય તો તેના બદલ અમે દિલગીર છીએ.
     - 500 કરતાં ઓછા કર્મચારીઓ ધરાવતા હોય તેવા અનુદાન લેનારાઓએ વધારાના પ્રોગ્રામ ખાતરીઓની લાઇન 10 શરૂ કરવાની જરૂર **નથી**.

3. <u>બજેટ સુધારણા:</u> તમારી એપ્લિકેશન મંજૂર કરી દેવામાં આવી છે, પરંતુ તમારી સંભવિત એવોર્ડની રકમ તમે તમારી એપ્લિકેશનમાં પ્રદાન કરેલ પ્રસ્તાવિક બજેટ કરતાં વધારે છે. જો તમે વધારાનું ભંડોળ મેળવવા માંગતા હોવ તો તમારે તમારું બજેટ સુધારવું આવશ્યક છે અથવા તમે અનુદાનની ઓછી રકમ મેળવવા માંગો છો તેવી પુષ્ટિ કરવી આવશ્યક છે.

- એક્શન આઇટમ અંગે તમને સલાહ આપવા માટે તમને ઈમેલ દ્વારા સૂચના પ્રાપ્ત થશે.
- પોર્ટલમાં લોગ ઇન કર્યા પછી, SVOGના સ્ટાફ દ્વારા તમને વધારાની માહિતી અથવા દસ્તાવેજીકરણ પ્રદાન કરવા માટે સલાહ આપવા તૈયાર કરવામાં આવેલી ચકાસણની તમે યાદી જોઇ શકશો.
- વિનંતી કરેલી માહિતી અપલોડ અને સબમિટ કરવા માટે પોર્ટલમાં આપેલી સૂચનાઓ અનુસરો.
- અરજીકર્તા પાસે આ એક્શન આઇટમ પૂરી કરવા માટે 14 દિવસનો સમય હોય છે.

એવોર્ડ અને વિતરણનો તબક્કો

અરજીકર્તાઓએ વિતરણ પહેલાં તેમની એવોર્ડની નોટિસ (NOA) યોગ્ય રીતે પાલન કરેલી અને કોઇપણ વિશેષ શરતો પૂરી કરેલી હોવી આવશ્યક છે.

SVOG ટીમ પૂર્ણ કરેલ NOA પ્રાપ્ત કરે તે પછી, અરજીકર્તા એવોર્ડ લેનાર/અનુદાન લેનાર બની જાય છે અને ફંડના વિતરણનું શેડ્યૂલ નક્કી કરવામાં આવે છે.

એવોર્ડ લેનાર પાસે તેમનું ભંડોળ પ્રાપ્ત કરવા માટે SAM રજિસ્ટ્રેશન હોવું આવશ્યક છે.

એવોર્ડ લેનાર નીચેના પગલાં પૂરાં કરીને તેમના SAM રજિસ્ટ્રેશનની સ્થિતિ તપાસી શકે છે:

1. https://www.sam.gov પર જાઓ
2. લોગ ઇન પસંદ કરો
3. મુખ્ય નેવિગેશનમાં સ્થિતિ તપાસો ટેબ પસંદ કરો
4. એવોર્ડ લેનારનો DUNS નંબર દાખલ કરો
5. સ્થિતિ જોવા માટે સર્ચ પસંદ કરો

જો એવોર્ડ લેનાર પાસે માન્ય SAM રજિસ્ટ્રેશન ના હોય તો, એવોર્ડ લેનારે SAM.gov દ્વારા રજિસ્ટ્રેશન પૂરું કરવું આવશ્યક છે. નવા SAM.gov રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં સામાન્યપણે સરેરાશ 7-10 વ્યાવસાયિક દિવસનો સમય લાગે છે, પરંતુ ખૂબ જ વધારે જથ્થાના સમયગાળા દરમિયાન તેમાં 30+ વ્યાવસાયિક દિવસનો સમય પણ લાગી શકે છે. સંસ્થા SAM.gov માં લોગ ઇન કરી શકે છે અને તેમની સ્થિતિ ઝડપથી તપાસવા માટે તેમના SAM સ્થિતિ ટ્રેકર (સ્થિતિ તપાસો ટેબ હેઠળ)નો ઉપયોગ કરી શકે છે.

થોડી સંખ્યામાં અરજીકર્તાઓને તેમના એપ્લિકેશન પોર્ટલમાં વિતરણ માટે "નકારી દીધેલ" સ્થિતિ અથવા "પડતર" સ્થિતિ જોવા મળી શકે છે. જો તમને આવી સ્થિતિ જોવા મળે તો, નીચેની માહિતી વાંચો:

- મોટાભાગના કિસ્સામાં, SBA તમારા વતી વિતરણની આ સમસ્યાને સુધારી દે છે. SBA દરરોજ આવી સમસ્યાઓની તપાસ કરે છે અને ટૂંક સમયમાં વિતરણ ફરી ઇશ્યુ કરશે.
- કેટલાક કિસ્સામાં, તમારે સમસ્યા સુધારવા માટે પગલાં લેવાની જરૂર પડી શકે છે. જો તેવો કિસ્સો હોય તો, SBA ચોક્કસ સૂચનાઓ સાથે તમારો સંપર્ક કરશે.

ફંડિંગની નકારી દીધેલી વિનંતીઓ

જેમને નકારી દેવામાં આવ્યા હોય તેવા અરજીકર્તાઓને તેમની સ્થિતિ અંગે સલાહ આપતી ઈમેલ સૂચના પ્રાપ્ત થશે. નકારી દેવામાં આવેલા તમામ અરજીકર્તાઓ પાસે અપીલ સબમિટ કરવાનો વિકલ્પ રહેશે.

મોટાભાગના નકારી દીધેલા અરજીકર્તાઓ SVOG કાયદામાં સ્થાપિત લાયકાત માપદંડો પૂરા કરતા નથી. કૃપા કરીને વધારાની માહિતી માટે SVOG લાયકાત મેટ્રિક્સ જુઓ.

એવોર્ડ અને વિતરણ પછીનો તબક્કો

તમારું ભંડોળ પ્રાપ્ત કરો અને ખર્ચ કરો તે પછી, તમારે ભંડોળના ખર્ચનો હિસાબ SBAમાં સબમિટ કરાવવો આવશ્યક છે. તમે એપ્લિકેશનમાં આપેલા બજેટમાં સૂચવ્યું હોય તેવી જ રીતે અનુદાન ખર્ચ કરવાની જરૂર નથી. તમારો ખર્ચ મંજૂર કરવામાં આવેલી શ્રેણીઓ વચ્ચે હોઇ શકે છે—આના માટે SBAની પૂર્વ મંજૂરીની જરૂરિયાત નથી. જોકે, તમારે ફક્ત મંજૂરી આપેલી શ્રેણીઓમાં જ ખર્ચ કરવો આવશ્યક છે અને તમામ અનુદાન લેનારાઓએ અનુદાન બંધ કરવામાં આવે ત્યારે છેલ્લું બજેટ સબમિટ કરાવવું પડશે.

તમારે SBAને બતાવવું આવશ્યક છે કે, તમામ અનુદાન ભંડોળ અનુમતિ આપવામાં આવેલા ખર્ચાઓ પર ખર્ચવામાં આવ્યું છે અથવા તમને તે અનુસાર વળતર આપવામાં આવ્યું છે. આ હિસાબ SF-425નો ઉપયોગ કરીને પૂરો કરી શકાય છે.
SF-425માં તમારા ખર્ચાઓનું વર્ણન, તમારા SVOG એવોર્ડ પર પ્રભાવ સંબંધિત કેટલાક પ્રશ્નો અને રસીદો, ઇનવોઇસ જેવા જરૂરી પૂરક દસ્તાવેજો અથવા તમારા ખર્ચાઓને સહાયક હોય તેવા સ્ટેટમેન્ટ્સની યાદીનું ટૂંકું વિવરણ સામેલ રહેશે.

છેલ્લા ખર્ચની તારીખ પછી તમારી પાસે તમારું SF-425 પૂરું કરીને પરત કરવા માટે 15 દિવસનો સમય રહેશે.

તમારે તમારા SVOG સંબંધિત દસ્તાવેજો જેમકે, પ્રમાણપત્રો, વિશેષ શરતો, રોજગારીના રેકોર્ડ વગેરે 4 વર્ષ સુધી જાળવી રાખવાની જરૂર પડશે.

જે અનુદાન લેનારાઓએ નાણાકીય વર્ષ દરમિયાન ફેડરલ ફંડ્સમાં $750,000 અથવા વધારે ખર્ચ કર્યો હોય તેમણે બાહ્ય ઓડિટ કરાવવાની અને તેમના ઓડિટ સંબંધિત માહિતી SBAમાં સબમિટ કરાવવાની જરૂર પડશે.

અપીલો, ફરી વિચાર અને પૂરક એવોર્ડ્સ

અસલ SVOG એપ્લિકેશન પર અંતિમ નિર્ણય પ્રાપ્ત કર્યા પછી, અરજીકર્તાઓ પાસે વધારાનું ભંડોળ પ્રાપ્ત કરવા માટે ત્રણ સંભવિત વિકલ્પો રહેશે: અપીલ, ફરી વિચાર અને પૂરક એવોર્ડ.

અપીલ

નકારી દેવામાં આવેલા અરજીકર્તાઓને તેમના SVOG પોર્ટલ પર ઈમેલ સૂચના અને અપડેટ પ્રાપ્ત થશે કે તેઓ અપીલ દાખલ કરવા માટે લાયકાત ધરાવે છે. પ્રારંભિક અપીલની વિન્ડો બે અઠવાડિયા સુધી ખુલ્લી રહેશે, તે સમય દરમિયાન ફંડિંગ સાચવી રાખવામાં આવશે. જે અરજીકર્તાઓ પ્રારંભિક બે અઠવાડિયાની વિન્ડો બંધ થયા પછી અપીલ કરી હોય તેમના માટે ફંડિંગ ઉપલબ્ધ રહેશે તેવી કોઇ જ બાંયધરી નથી.

જે અરજીકર્તાઓ અપીલ કરવાની પ્રક્રિયાનો વિકલ્પ પસંદ કરે તેમને લાયકાત મેટ્રિક્સની સમીક્ષા કરવાનું અને અપીલ માટેના તેમના આધાર સૂચવતું સહી કરેલું સ્ટેટમેન્ટ તેમજ અન્ય સહાયક દસ્તાવેજો અપલોડ કરવાનું કહેવામાં આવશે. જે અરજીકર્તાઓની અપીલ મંજૂર કરવામાં આવી હોય પરંતુ તેમને સમાયોજિત કરેલી અનુદાનની રકમ કરતાં ઓછામાં ઓછી $100 ઓછી એવોર્ડની રકમ તેમની એપ્લિકેશન પર પ્રાપ્ત થઇ હોય તેમને ફરી વિચારની પ્રક્રિયાનો વિકલ્પ પસંદ કરવા માટે તક આપવામાં આવશે. જે અપીલોને નકારી કાઢવામાં આવી હોય તેમને ફરીવાર અપીલની પ્રક્રિયા કરવાનો કોઇ જ વિકલ્પ નથી.

ફરી વિચારણા

જે અરજીકર્તાઓને તેમની એપ્લિકેશન પર સમાયોજિક પ્રસ્તાવિત અનુદાનની રકમ કરતાં ઓછામાં ઓછા $100 ઓછી એવોર્ડની રકમ પ્રાપ્ત થઇ હોય તેમને ઈમેલ સૂચના પ્રાપ્ત થશે કે, તેઓ ફરી વિચારણા માટે અરજી કરવા લાયકાત ધરાવે છે.

પ્રારંભિક ફરી વિચારણાની વિન્ડો બે અઠવાડિયા સુધી ખુલ્લી રહેશે, તે સમય દરમિયાન ફંડિંગ સાચવી રાખવામાં આવશે. જે અરજીકર્તાઓ પ્રારંભિક બે અઠવાડિયાની વિન્ડો બંધ થયા પછી ફરી વિચારણાની વિનંતી કરી હોય તેમના માટે ફંડિંગ ઉપલબ્ધ રહેશે તેવી કોઇ જ બાંયધરી નથી.

પૂરક એવોર્ડ

તમામ અનુદાન લેનારાઓને એક્શન આઇટમ પ્રાપ્ત થશે જેમાં તેમણે 2021માં કમાયેલી આવક અપડેટ કરવાની તક રહેશે. જો તમે 2021માં થયેલી તમારી આવક અપડેટ કરવા માંગતા હોવ તો, તમારે પોર્ટલમાં લોગ ઇન કરવું અને આ એક્શન આઇટમ દ્વારા તેને અપડેટ કરવું આવશ્યક છે. અન્યથા, SBA એવું માની લેશે કે તમારી એપ્લિકેશનમાં આપવામાં આવેલા તમારી આવકના આંકડા નક્કી છે.

જેઓ SVOG કાયદા અનુસાર પૂરક એવોર્ડ માટે લાયકાત ધરાવે છે અને આવક મેળવી છે કે તેઓને પૂરક એવોર્ડ માટે વિનંતી કરવાનું આમંત્રણ આપવામાં આવશે.

કાયદામાં વ્યાખ્યાયિત કર્યા અનુસાર, પૂરક એવોર્ડની રકમ, અરજીકર્તાના પ્રારંભિક એવોર્ડની 50% રહેશે અને એક એન્ટ્રી માટે પ્રારંભિક અનુદાનના બેલેન્સ અને $ 10 મિલિયન કરતાં વધારે નહીં રહે. જો તમામ લાયકાત ધરાવતી સંસ્થાઓને પૂરક એવોર્ડ પ્રાપ્ત કરવા માટે પૂરતું ફંડિંગ નહીં હોય તો, Q1 2019ની સરખામણીએ Q1 2021માં સૌથી વધારે નુકસાન થયું હોય તેવા અરજીકર્તાઓને પ્રાથમિકતા આપવામાં આવશે.

અન્ય વિશેષ સંજોગો

થોડી સંખ્યામાં અરજીકર્તાઓને SVOG તરફથી એવું સૂચિત કરતો ઈમેલ પ્રાપ્ત થઇ શકે છે કે, તેમની ટેક્સની ટ્રાન્સક્રિપ્ટ "કોઇ રેકોર્ડ મળ્યો નથી" તેવા ઉલ્લેખ સાથે પરત કરવામાં આવી હતી. જો તમને આવો કોઇ ઈમેલ પ્રાપ્ત થાય તો, નીચે આપેલી આ સૂચનાઓ અનુસરો:

પગલું 1:

- આંતરિક રેવેન્યૂ સર્વિસ (IRS) સાથે ચકાસણી કરો કે, તમારું 2019નું ફેડરલ ટેક્સ રીટર્ન પ્રાપ્ત થયું છે અને તેની પ્રક્રિયા કરવામાં આવી છે.
- તમારા સંજોગો અનુસાર તમને મદદરૂપ થવા માટે, IRS દ્વારા કેટલાક ટોલ ફ્રી નંબર પ્રદાન કરવામાં આવ્યા છે.
    - જે અરજીકર્તાઓએ ફોર્મ 1040 ફાઇલ કર્યું હોય તેમણે, સ્થાનિક સમય અનુસાર સવારે 7 થી સાંજે 7 વાગ્યા સુધીમાં 800-829-1040 પર કૉલ કરવો.
    - જે અરજીકર્તાઓએ ફોર્મ 1065, 1120 અથવા 1120-S ફાઇલ કર્યું હોય તેમણે, સ્થાનિક સમય અનુસાર સવારે 7 થી સાંજે 7 વાગ્યા સુધીમાં 800-829-4933 પર કૉલ કરવો, અથવા
    - જે અરજીકર્તાઓએ ફોર્મ 990 અથવા 990-EZ ફાઇલ કર્યું હોય તેમણે, સ્થાનિક સમય અનુસાર સવારે 8 થી સાંજે 5 વાગ્યા સુધીમાં 877-829-5500 પર કૉલ કરવો.

પગલું 2:

- જો તમને IRS જણાવે કે, તમારું ટેક્સ રીટર્ન પ્રાપ્ત થયું છે અને પ્રક્રિયા કરવામાં આવી છે તો, કૃપા કરીને અન્ય 4506-T ભરવા માટે નીચેની સૂચનાઓ અનુસરો અને ખાતરી કરો કે તમામ માહિતી સાચી છે.
- જો IRS સૂચિત કરે કે, તમારું ટેક્સ રીટર્ન પ્રાપ્ત થયું છે પરંતુ પ્રક્રિયા કરવામાં આવી નથી, તો પગલાં 3ની પ્રક્રિયા કરો.

પગલું 3:

- કરદાતા માર્ગદર્શન સેવા (TAS)નો સંપર્ક કરો. TAS એ જો તમને ટેક્સની સમસ્યાઓ હોય અને તમે તમારી જાતે તેને ઉકેલી શકતા ના હોવ તો મદદ કરવા માટે IRS દ્વારા ડિઝાઇન કરવામાં આવ્યા અનુસાર સ્વસંત્ર સંગઠન છે (Home - Taxpayer Advocate Service (irs.gov)). તમારા ટેક્સના રીટર્નની પ્રક્રિયા થાય તેમાં મદદ કરવાના હિતમાં, કૃપા કરીને TAS નો સંપર્ક કરીને પૂછપરછ કરો કે તેમની સેવાઓ તમને મદદરૂપ થઇ શકે છે કે નહીં. ઉપરાંત, તમે મદદ માટે વિનંતી સબમિટ કરો- કરદાતા માર્ગદર્શન સેવા (irs.gov) પર સીધી મદદ માટેની વિનંતી કરી શકો છો.